અપીલ અરજી નં.૩૫૯ તા.૨૩–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૧–૧૧ની અરજી થી મુદૃા નં. (૧) સાઉથ ઝોન (ઉધના) નાં જયારથી ડે. ઈજનેર ચૌધરીએ ડે. ઈજનેર તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેઓને તમના કાર્યક્ષેત્રમાં આવતાં કયા કયા ગેરકાયદેસર બાંધકામ કરતાં મિલ્કતધારકોને કામ બંધ કરવા અંગે અથવા તો જાતે ડીમોલીશન કરવા અંગેની નોટીસો આપેલછે? વિ. મુદૃા નં.૧ થી ૪ ની માહિતિ આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૩–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૯/૨૦૧૦–૧૧.

શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૧–૧૧ની અરજી થી મુદૃા નં. (૧) સાઉથ ઝોન (ઉધના) નાં જયારથી ડે. ઈજનેર ચૌધરીએ ડે. ઈજનેર તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેઓને તેમના કાર્યક્ષેત્રમાં આવતાં કયા કયા ગેરકાયદેસર બાંધકામ કરતાં મિલ્કતધારકોને કામ બંધ કરવા અંગે અથવા તો જાતે ડીમોલીશન કરવા અંગેની નોટીસો આપેલ છે? વિ. મુદૃા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદૃાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૬૨ તા.૪–૩–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૭–૧–૧૧ ની અરજીથી ઉધનાઝોનના ડે.ઈજનેર ચૌધરીએ કરેલી કાર્યવાહીની વિગતો માંગતી મુદૃા નં.૧ થી ૪ ની અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળા દરમ્યાન કોઈ પ્રતિભાવ નહી મળવાથી અરજદારે તા.૨૩–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદૃા નં.(૧) સાઉથ ઝોન (ઉધના)માં જયારથી ડે. ઈજનેર ચૌધરીએ ડે. ઈજનેર તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેઓને તેમના કાર્યક્ષેત્રમાં આવતાં કયા કયા ગેરકાયદે બાંધકામ કરતાં મિલ્કતધારકોને કામ બંધ કરવા અંગે અથવા તો જાતે ડીમોલીશન કરવા અંગેની નોટીસો આપેલ છે? મુદૃા નં.(૨) આ ગેરકાયદે ઉભા થયેલ બાંધકામો પૈકીના કેટલા બાંધકામોનું ડીમોલીશન નોટીસ આપ્યા બાદ થયેલ છે અને ડીમોલીશન થયા બાદ વહીવટી ચાર્જ કેટલો કેટલો વસુલ કર્યો તેની વિગતવાર માહિતી આપશો. (જે જે મિલ્કતધારકોને નોટીસો ફટકારાઈ હોય તે મિલ્તધારકોના નામ, બાંધકામનું સરનામું તારીખ અને જો ડીમોલીશન કરવામાં આવ્યુ હોય તો ડીમોલીશન કર્યા તારીખ સહિતની માહિતી આપશો. મુદૃા નં.(૩) ડે.ઈજનેર ચૌધરીના કાર્યક્ષેત્રમાં મિલ્કતધારક ધ્વારા ગેરકાયદે બાંધકામ મંજુર પ્લાન વિરુધ્ધનું કે વિકાસ પરવાનગી વિનાનું થતું હોવા છતાં તે મિલ્કતધારક વિરુધ્ધ સાઉથઝોન ઉધના તરફથી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી ન હોય તેવા કોઈ બાંધકામો સાઉથ ઝોનના રેકર્ડ ઉપર હોય તો તેની નામ સરનામા સહિતની વિગતવાર માહિતી આપશો. (૪) સાઉથઝોન ઉધનામાં ડે.ઈજનેર તરીકે ચાર્જ સંભાળ્યા બાદ ચૌધરી સાહેબ અત્યાર સુધીમાં કરેલી કામગીરીની માસિક ડાયરી (વર્કબુક) ની નકલ તથા તેઓએ ફેરવેલ ગાડીની લોગબુકની નકલ આપશો. તેવી માહિતી અરજદાર તરફથી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ અંગે ઈન્કારનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી હોઈ સદર માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,